# સુવાર્તાની વાર્તા પુસ્તક

## ત્રણ




આ મારી સુવાર્તાની વાર્તા પુસ્તક ત્રણ છે


મારું નામ છે

---

હું મારી સુવાર્તાની વાર્તા પુસ્તક ત્રણ
વાંચી શકું છું

આ વાર્તાઓ સર્જનહાર ઈશ્વરના પવિત્ર પુસ્તકમાંથી છે
આ પુસ્તકના બધા ચિત્રો ભારતના આદિવાસી બાળકોએ બનાવેલા છે.
સુવાર્તાની વાર્તા પુસ્તક ત્રણ. કૉપીરાઇટ 2018. ભારતમાં મુદ્રિત.
વધુ માહિતી માટે સંપર્ક કરો: WBTC India, P.O. Box 8478, Bangalore 560084. Email: info@wbtcindia.com





દુષ્ટ રાજા....................................2-27
ભરવાડ છોકરો...........................28-32

# દુષ્ટ રાજા

ઘણા વર્ષો વીતી ગયા.

હું ઇબ્રાહિમના બાળકો, તેમના બાળકો, તેમના બાળકો અને તેમના બાળકોના બાળકોને સર્જનહાર ઈશ્વર માટે ગાતા જોઈ શકું છું.







હું બાળકોને કહેતા સાંભળી શકું છું,

‘સર્જનહાર ઈશ્વર, કૃપા કરીને અમને બચાવો.’

હું દુષ્ટ રાજાને જોઈ શકું છું.

જે સર્જનહાર ઈશ્વર માટે
ગાઈ રહ્યા છે તે સર્વને
દુષ્ટ રાજા ધિક્કારે છે.







હું એક બીજા માણસને જોઈ શકું છું.

તેનું નામ મૂસા છે.

મૂસા સર્જનહાર ઈશ્વર
માટે ગાઈ રહ્યો છે.

હું મૂસાને એક બળતા ઝાડ
તરફ જોતા જોઈ શકું છું.

હું અગ્નિમાંથી સર્જનહાર ઈશ્વરને
કહેતા સાંભળી શકું છું,

'મૂસા, દુષ્ટ રાજાને કહે કે
સર્જનહાર ઈશ્વર કહે છે,

"મારા લોકોને મુક્ત કર!"'







મૂસાનો એક ભાઈ છે.

તેનું નામ હારુન છે.

હું મૂસા અને હારુનને દુષ્ટ રાજા
પાસે જતા જોઈ શકું છું.

હું મૂસાને દુષ્ટ રાજાને કહેતા
સાંભળી શકું છું,

સર્જનહાર ઈશ્વરે કહ્યું છે,

“મારા લોકોને મુક્ત કર!”’







હું દુષ્ટ રાજાને કહેતા સાંભળી શકું છું,

‘હું એ લોકોને મુક્ત નહિ કરું જેઓ
સર્જનહાર ઈશ્વરને માટે ગાઈ રહ્યા છે.’

હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

'હારુન, તારી લાકડી નીચે ફેંક.'

હું હારુનને તેની લાકડી નીચે
ફેંકતા જોઈ શકું છું.







હું હારુનની લાકડીને સાપમાં
બદલાતા જોઈ શકું છું.

તે ફૂંકારી રહ્યું છે...ફૂંકારી રહ્યું છે...
ફૂંકારી રહ્યું છે.

હું દુષ્ટ રાજાને પોતાના
જાદુગરોને કહેતા સાંભળી શકું છું,

'તમારી લાકડીઓ નીચે ફેંકો.'

હું જાદુગરોને પોતાની લાકડીઓ
નીચે ફેંકતા જોઈ શકું છું.







હું જાદુગરોની લાકડીઓને
સાપમાં બદલાતા જોઈ શકું છું.




તેઓ ફૂંકારી રહ્યા છે...ફૂંકારી રહ્યા છે...
ફૂંકારી રહ્યા છે.



હું હારુનના સાપને જાદુગરોના
સાપોને ખાતા...ખાતા...ખાતા...
જોઈ શકું છું.

સર્જનહાર ઈશ્વર સૌથી
સામર્થ્યવાન છે!






હું મૂસાને કહેતા સાંભળી શકું છું,
‘સર્જનહાર ઈશ્વરે કહ્યું છે,
“મારા લોકોને મુક્ત કર!”’
હું દુષ્ટ રાજાને કહેતા સાંભળી શકું છું,
‘હું એ લોકોને મુક્ત નહિ કરું જેઓ
સર્જનહાર ઈશ્વરને માટે ગાઈ રહ્યા છે.’

હું મૂસાને દુષ્ટ રાજાને કહેતા
સાંભળી શકું છું,

‘આજે રાત્રે દરેક પરિવારનો
પ્રથમ દીકરો મરી જશે.’





હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

‘મૂસા, જે લોકો મારા માટે ગાય
છે, તેઓને એક હલવાનની બલિ
ચઢાવવાનું કહે.

હલવાનના લોહીને ઘરોની
બારસાખો પર લગાઓ.

જ્યારે હું લોહીને જોઈશ,
મારા લોકો મરશે નહિ.’

સર્વ જેઓ સર્જનહાર ઈશ્વર
માટે ગાય છે, તેઓએ તેમના
ઘરોની બારસાખો પર
હલવાનનું લોહી લગાવ્યું.







એ રાત્રે, દરેક પરિવાર,
જે સર્જનહાર ઈશ્વર માટે
ગાતું નથી, તેમનો
પ્રથમ દીકરો મરણ પામ્યો.

એ રાત્રે, દરેક પરિવાર જે સર્જનહાર
ઈશ્વર માટે ગાય છે, તેમનો
પ્રથમ દીકરો જીવતો રહ્યો.

એ રાત્રે જે લોકો સર્જનહાર ઈશ્વર માટે ગાય છે તેઓને દુષ્ટ રાજાએ મુક્ત કર્યા.

સર્જનહાર ઈશ્વર સૌથી સામર્થ્યવાન છે!







સમય વીતી ગયો.

હું દુષ્ટ રાજાને કહેતા સાંભળી શકું છું,

‘જે લોકો સર્જનહાર ઈશ્વર માટે ગાય છે તેઓની પાછળ હું જઈશ અને તેઓને મારી નાખીશ.’

જલદી કરો, દુષ્ટ રાજા અને તેની સેના આવી રહી છે...

હું મૂસા અને લોકો જેઓ
સર્જનહાર ઈશ્વર માટે ગાય છે
તેઓને એક મોટી, મોટી, મોટી નદી
પાસે ઊભા રહેલા જોઈ શકું છું.

જલદી કરો, દુષ્ટ રાજા અને
તેની સેના આવી રહી છે...








હું મૂસાને કહેતા સાંભળી શકું છું,

‘સર્જનહાર ઈશ્વર મોટી,
મોટી, મોટી નદીમાંથી
એક રસ્તો બનાવશે.


સર્જનહાર ઈશ્વર
આપણને બચાવશે.’

સર્જનહાર ઈશ્વરે મોટી, મોટી,
મોટી નદીને બે ભાગમાં કરી નાખી.

હું મૂસા અને લોકો જેઓ
સર્જનહાર ઈશ્વર માટે ગાય છે
તેઓને એક મોટી, મોટી, મોટી નદીમાં
રસ્તા ઉપર ચાલતા જોઈ શકું છું.







હું દુષ્ટ રાજા અને તેની
સેનાને મોટી, મોટી, મોટી
નદીમાં પીછો કરતા
જોઈ શકું છું.

હું દુષ્ટ રાજા અને તેની સેના પર
પાણી ફરી વળતા જોઈ શકું છું.

દુષ્ટ રાજા અને તેની સેના
મરણ પામ્યા છે.





મૂસા અને જે લોકો સર્જનહાર ઈશ્વર
માટે ગાય છે તેઓને હું
મુક્ત થયેલા જોઈ શકું છું.

સર્જનહાર ઈશ્વર સૌથી
સામર્થ્યવાન છે!

# ભરવાડ છોકરો

હું એક ભરવાડ છોકરાને જોઈ શકું છું.

તેનું નામ દાઉદ છે.

દાઉદ ઇબ્રાહિમના
પરિવારમાંથી છે.

ઘણા વર્ષો વીતી ગયા.

ભરવાડ છોકરો દાઉદ
હવે રાજા છે.







હું દાઉદ રાજાને સર્જનહાર ઈશ્વર
માટે ગાતા સાંભળી શકું છું.

‘સર્જનહાર ઈશ્વર,
તમે મારા માટે સઘળું છો.

સર્જનહાર ઈશ્વર,
તમે મને જીવન આપો છો.

સર્જનહાર ઈશ્વર, તમે મને શાંતિ આપો છો.

સર્જનહાર ઈશ્વર, તમે મને બચાવો છો.

સર્જનહાર ઈશ્વર, તમે મારું રક્ષણ કરો છો.









સર્જનહાર ઈશ્વર,
તમે મને પ્રેમ કરો છે.

સર્જનહાર ઈશ્વર,
તમે સદાસર્વકાળ માટે મારી સાથે છો.'

હું સર્જનહાર ઈશ્વરને દાઉદ
રાજાને કહેતા સાંભળી શકું છું,

‘તારા પરિવાર દ્વારા હું
સર્વને સદાસર્વકાળ માટે
બચાવી લઈશ.’

સર્જનહાર ઈશ્વર આવી રહ્યા છે.

